सत्यमेव जयते

# વડોદરા મહાનગરપાલિકા

વડોદરા મહાનગરપાલિકા

**અરૂણ મહેશ બાબુ, એમ.એસ., આઈ.એ.એસ.**
કમિશનર

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર 1362
24/2/26
12
કચેરીની સહી.........

તા.: ૧૩-૦૨-૨૦૨૬

પ્રતિ,
જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
અનાવીલ ભવન, કરેલીબાગ,
વડોદરા.

વિષય: વડોદરા શહેરમાં આવેલ દરેક શાળાઓના વિદ્યાર્થીઓને સયાજીબાગમાં આવેલ ટ્રાફિક ચિલ્ડ્રન પાર્કની મુલાકાત લેવા બાબત.

વડોદરા શહેરમાં રોજે રોજની ટ્રાફિકની સમસ્યાઓ અને તેમાંથી ઉદભવતા પ્રશ્નો બાબતે વારંવાર સુધારણા હેઠળ ટ્રાફિકના પ્રોગ્રામ ટ્રાફિક પોલીસ વિભાગ, વડોદરા મહાનગરપાલિકા, આર. ટી. ઓ. વિગેરે દ્વારા લેવામાં આવેલ છે. સુરક્ષા વ્યવસ્થા અને ટ્રાફિક ને લગતી તમામ બાબતોનું પાલન કરતા હોવા છતાં શહેરમાં અકસ્માતો બાબતે લોકોને જાગરુકતા આવતી નથી. તે ઉપરાંત ભવિષ્યના નાગરિકો જેમ કે અત્યારના નાના બાળકોમાં ટ્રાફિકની બાબતે સતર્કતા રહે, જારૂકતા જળવાઈ રહે અને તેમને પણ સુરક્ષા ના સાધનો અને વિગેરે બાબતે જ્ઞાન મળે તે માટે વડોદરા શહેરમાં સયાજીબાગ ખાતે ચિલ્ડ્રન ટ્રાફિક પાર્કની રચના કરવામાં આવેલ છે.

નાના બાળકોને નાની ઉંમરમાં જ ટ્રાફિક વિશેનું જ્ઞાન આપવાથી ભવિષ્યમાં તે બાબતને જાગરૂકતા અને તેનું મહત્વ અને તેને સારી રીતે સમજી શકે તેમ છે. તે જોતા આ સાથે અત્રેથી આપશ્રીની કચેરીમાં નિવેદન કરવામાં આવે છે કે શહેરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને વડોદરા શહેરમાં આવેલા ચિલ્ડ્રન ટ્રાફિક પાર્કનો વખત મુલાકાત નું આયોજન કરાવી બાળકોને ત્યાનાં બાબતે અભ્યાસ કરાવી અને તેમને તેનું માર્ગદર્શન અને જ્ઞાન આપવું જરૂરી છે. તેથી આ બાબતે તમામ શાળાઓને સૂચના આપના તરફથી આપવામાં આવે કે દરેક શાળાના તમામ વિદ્યાર્થીને આ પાર્કની મુલાકાત કરાવી ટ્રાફિક વિશે જ્ઞાન આપવુ જરૂરી છે.

બાળકો ને ટ્રાફિક નિયમન માટે જ્ઞાન મળી રહે તે માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સયાજીબાગમાં ચિલ્ડ્રન ટ્રાફિક પાર્ક બનાવવામાં આવેલ છે. તે પાર્કમાં ચાર રસ્તા પર સિગ્નલને લગત માહિતી, રેલવે ક્રોસિંગ, નદી નાળા પર પસાર થતો બ્રિજ, પેટ્રોલ પંપ, સી.એન.જી. પંપ, રેલવે પ્લેટફોર્મ, શાળા અને હોસ્પિટલ વિગેરેની બાજુમાં લાગુ પડતા તમામ નિયમોની માહિતી દર્શાવતા સાઇનેજિસ બોર્ડ વિગેરે દર્શાવેલ છે. નાના બાળકો તેમાં ફરીને ટ્રાફિક વિશેની તમામ માહિતી અને ચિન્હોની ઓળખ કરી શકે કે જેથી બાળકોની માહિતીમાં વધારો થાય. તેમજ બાળકોમાં ટ્રાફિક વિશેની જાગૃતી આવે તે માટે આપશ્રીની શાળાના બાળકોને સાથે રાખીને સદર ચિલ્ડ્રન ટ્રાફિક પાર્કની મુલાકાત લેવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશ્નર
વડોદરા મહાનગરપાલીકા
વડોદરા

ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, પેલેસ રોડ, વડોદરા-૩૯૦ ૨૦૯.
ફોનઃ (૦૨૬૫) ૨૪૩૩૩૪૪, ફેક્સ : (૦૨૬૫) ૨૪૩૩૦૬૦ E-mail : commissioner@vmc.gov.in

Scanned with CamScanner

જા.નં.ક–૩/પરચ/૨૦૨૫–૨૬/૧૬૬૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,
કારેલીબાગ,
વડોદરા
તા. ૦૭/૦૨/૨૦૨૬

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ, (તમામ)
જિ.વડોદરા.

**નકલ રવાના : (જાણ તથા અમલવારી સારું.)**
– શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ.વડોદરા.

Scanned with CamScanner